ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૧ ટકા ● સાંજે ૧૭ ટકા

# સેક્ટર-૧૪ ખાતે ફ્રી ચકલી ઘર વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ના સેક્ટર ૧૪ ખાતે આજે સવારે ૮-૩૦ વાગ્યે ફ્રી ચકલી ઘર વિતરણ કાર્યક્રમ ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝની સામે મેદાનમાં જાગ્રત વસાહત ફોરમના પ્રમુખ મહેન્દ્ર ભાઈ ચૌહાણ અને સચિવ ડૉ ગુલાબચંદ પટેલ, ઉપ પ્રમુખ કાંતિભાઈ પટેલ એડવોકેટના સહયોગથી સમીરભાઈ રામી દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત હેપ્પી ચકલી ઘર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા હેપ્પી યુથ કલબના સભ્યોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં હેપ્પી યુથ કલબના સભ્યો દ્વારા ચકલી વિશે ખૂબ સરસ માહિતી લોકો ને આપી હતી. આ કાર્યક્રમ માં લોકો ને ફ્રી ચકલી ઘર મોટી સંખ્યામાં આપવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં હેપ્પી યુથ કલબના સભ્યો દ્વારા ૫૦૦૦ થી વધુ ફ્રી ચકલી ઘર વહેંચવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજીવ ગુપ્તા જી દ્વારા તથા તેમના પત્ની દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો. નિમીશ ચૌહાણ અને વિનોદ ભાઈ વાઘેલા દ્વારા ખૂબ મદદ કરવામાં આવી હતી. મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા હેપ્પી યુથ કલબના સભ્યોનો ખુબ આભાર માન્યો હતો અને શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરમાં વર્ષોથી સ્થાયી ૨૫ હજાર જેટલાં પરપ્રાંતિય નાગરિકોની પ્રતિનિધિત્વ માટે રજૂઆત

ગાંધીનગર તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીનું બ્યુગલ ફુંકાઈ ચુક્યું છે અને શહેરમાં વિવિધ સમાજ, જ્ઞાતિ કે ક્ષેત્રના અગ્રણીઓ આ વખતે પ્રતિનિધિત્વ મેળવવા ઉત્સાહિત જોવા મળી રહ્યા છે ત્યારે પાટનગરને પોતાની કર્મભૂમિ માનીને વર્ષોથી વસતા આશરે ૨૫ હજાર જેટલાં પરપ્રાંતિયોને તેમનું પ્રતિનિધિત્વ મળશે કે કેમ તેવો પ્રશ્ન થઈ રહ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલી ઉમેદવારોની યાદીમાં એક પરપ્રાંતિયને વોર્ડ નં.૩માં ટિકિટ આપવામાં આવી છે પરંતુ પરપ્રાંતિયોમાં જેનું વર્ચસ્વ જોવા મળે છે તે ભાજપ કોઈ પરપ્રાંતિયને પ્રતિનિધિત્વ આપશે કે કેમ તેના પર પરપ્રાંતિયોની નજર મંડરાયેલી છે. શહેરમાં વસતા પરપ્રાંતિયોમાં મોટાભાગના શ્રમિક અને લારી-ગલ્લાં-પાથરણાંમાં નાના નાના વ્યવસાય કરતાં વેપારીઓ છે જેઓ કોરોના કાળ પછી અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે તેથી તેમનો અવાજ શહેરના વહીવટમાં સંભળાય તેવી તેમની લાગણી છે. શહેરના સેક્ટર-૨૪માં મોટી સંખ્યામાં વસતા પરપ્રાંતિયોના અંદાજે ચારેક હજાર મતદાતા છે જે ધ્યાનમાં રાખીને આપ પાર્ટીએ વોર્ડ નં.૩માં રાજસ્થાની ઉમેદવાર ભરત જોશીને ટિકિટ આપી છે. જોકે અત્યાર સુધી વોર્ડના પરપ્રાંતિય મતદારોનો ઝોક ભાજપ તરફી રહ્યો છે અને જેઓ સેક્ટર-૨૪માં શ્રીનગર હાઉસિંગ ખાતે રહેતા પરપ્રાંતિય અગ્રણી સેવાભાવી તુલસીભાઈ માળીને પોતાના પ્રતિનિધિ તરીકે સ્વીકારે છે. મૂળ રાજસ્થાની હોવા છતાં છેલ્લા ૪૦થી વધુ વર્ષોથી ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવીને ગાંધીનગરમાં વસવાટ કરતાં તુલસીભાઈ માલી પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલના સમયથી ભાજપ સાથે જોડાઈને સતત શિસ્તબદ્ધ અને સંનિષ્ઠ કાર્યકર્તા તરીકે સેવાઓ આપવા સાથે તેઓ ગાંધીનગરના લારી-ગલ્લા અને પાથરણા થકી પોતાના પરિવાર માટે પેટિયું રળતા નાના વેપારીઓ તથા મજૂરી કરતાં શ્રમિકો માટે તેમનો અવાજ ઉચ્ચ કક્ષાએ પહોંચાડતાં રહ્યાં છે અને ગાંધીનગરમાં વસતા રાજસ્થાની ઉપરાંત અન્ય રાજયોના મળીને અંદાજે પચ્ચીસેક હજાર જેટલા હિંદીભાષી પરપ્રાંતિયોના મહત્વના વિશ્વાસુ પ્રતિનિધિ તરીકે કાર્યરત રહીને ગુજરાત પરપ્રાંતિય બક્ષીપંચ અધિકાર મંચના કન્વીનર હોવા સાથે તેમણે ગાંધીનગર જિલ્લા પ્રમુખની આગેવાની હેઠળ લઘુ સ્વરોજગાર સેલના કન્વીનર તરીકે અને ભાજપના બક્ષિપંચ મોરચાના મંત્રી તરીકે પણ ફરજ બજાવી છે. તેઓ વર્ષ ૨૦૧૬થી ૨૦૨૦ સુધી ભાજપ શહેરની કારોબારીમાં રહી ચૂક્યા છે, તેઓ અલગ અલગ સમાજના વિવિધ હોદ્દાઓ જેવાકે મીના બજાર ખાતેના પ્રગતિ લારી-પાથરણાં મંડળના વર્ષ ૨૦૧૦થી પ્રમુખ છે તેમજ રાજસ્થાન સમાજ સેવા ટ્રસ્ટનાં અધ્યક્ષ હોવા સાથે ગાંધીનગર રામી-માળી સમાજના ૧૯૯૮થી ટ્રસ્ટી છે તેમજ અમદાવાદથી કાર્યરત મહાત્મા જ્યોતિબા ફુલે સેવા સમિતિના સંગઠન મંત્રી છે. સંવેદનશીલ સ્વભાવ ધરાવતા તુલસીભાઈ માલીએ કોરોના કાળમાં લોકડાઉન સમયે ઘ-૫ ફૂડ કોર્ટ ખાતેથી ગરીબ અને જરૂરિયાતમંદ શ્રમજીવી પરિવારોને અવિરત ભોજન સેવા પૂરી પાડવા સાથે ગૌમાતા માટે ઘાસચારાની વ્યવસ્થા તેમજ તે સમયે જીવનું જોખમ લઈને પણ ફરજ બજાવતા આરોગ્ય કર્મીઓ, પોલીસ સ્ટાફ તથા સફાઈ કર્મચારીઓ વગેરેને સતત ચા-નાસ્તાની સુવિધા અને માસ્ક-સેનેટાઈઝરનું વિતરણ કર્યું હતું. તેઓ વોર્ડ નં.૩માં ભાજપની ટિકિટ મેળવવા સંપૂર્ણ સક્ષમ દાવેદાર છે



હોળી-ધૂળેટીના પૂર્વની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર સ્લમ વિસ્તારમાં ઈદમ સર્વમ ફાઉન્ડેશન દ્વારા કુલ મળીને ૧૦૦૦ ધાણી અને ખજૂરના પેકેટની વહેંચણી કરવામાં આવી હતી.

# શહેરમાં બે સ્થળ પરથી જુગાર રમતા ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ તવક્કલ મટન સેન્ટરની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શખ્સ પોલીસના હાથે પકડાયા છે. સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સેકટર-૨૪ ખાતે ત્રણ શખ્સો જુગાર રમતા પકડી પાડ્યા હતા. જેમાં સેકટર-૨૪ ખાતે રહેતો પ્રવિણ રમેશ વિરમગામીયા, સુનિલ શ્યામભાઈ દંતાણી, રાહુલ કાંતિભાઈ ચાવડાનો સમાવેશ થયો હતો. પોલીસે આરોપીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૦૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજીતરફ પેથાપુર સંજરી પાર્ક-૧ સામે આવેલા છાપરાની પાછળ જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા હતા. પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી.

જેથી પોલીસે સ્થળ પર રેઈડ પાડી પેથાપુરમાં રહેતા બશીર પીરમહોમદ પાલારી (ઉં.૪૧ સંજરી પાર્ક-૧), મહેબુબ હુસેનભાઈ બેહલીમ (ઉં.૫૨ મુલચંદ પાર્કની પાછળ છાપરામાં) યુનુસ અબ્બાસભાઈ બેહલીમ (ઉં.૩૯ સંજરી ૧) ખેર સુમારભાઈ સિંધી (ઉં.૪૦ સંજરી પાર્ક-૧)ને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૭,૭૩૦ રોકડા જપ્ત કરી ચાર સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સાત ચિકિત્સા શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સતનાલા, સુખનેચરા, શાંતિપુર, દૈનચેરા, રવિન્દ્રનગર, જલબાશા તથા પનીસાગરમાં છેલ્લા પાંચ દિવસમાં ચિકિત્સા શિબિર યોજવામાં આવી હતી. ઉત્તર ત્રિપુરાનાં કંચનપુર સબ ડીવીઝનનાં આ ગામોમાં કુલ ૬૩૧ દર્દીઓને તપાસી દવા આપી હતી.

૧૨૧ લાભાર્થીઓને વાંચવાનાં ચશ્મા પણ આપ્યા. ગામનાં લોકો દ્વારા ઉત્તમ સહકાર પ્રાપ્ત થયો હતો. અને બધાને તુલસી માળા ભેટ આપી હતી. સમિતિના મિલિંદ ગુપ્તે, ભીમજીભાઈ, ડૉ. ચિતાણીયા, ડૉ. બોઘાણીએ આ સેવાકાર્ય પાર પાડ્યું હતું. સમ્રાટભાઈ, સપન, પ્રદીપ વગેરે સાથ સહકાર આપ્યો હતો.

# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં વિશ્વ થિયેટર દિવસ નિમિત્તે ‘સ્ટોરી ટેલિંગ’ કોમ્પિટિશન યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં બાળકોની કલ્પના શક્તિ માં વધારો કરવા તથા પ્રેરણાદાયી વિચારો નું પ્રદાન કરવા આ વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા દરેક રાજ્યોની શાળાઓને અનુલક્ષીને દરેક માટે ખુલ્લી રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં બાળકોએ અવનવી




રીતે તો કોઈએ પપેટ દ્વારા વાર્તા કથન કર્યું હતું. બાળકોની સર્જનાત્મક શક્તિ તથા મૌખિક શક્તિ ખીલે તે હેતુથી આ સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોએ ખૂબ જ સુંદર રીતે વાર્તાઓ રજૂ કરી હતી અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. બધા જ ભાગ લેનાર બાળકોને સર્ટીફીકેટ તથા વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ હતા.

# સરગાસણમાં અબોલ જીવો માટે બનાવવામાં આવ્યું ‘શેલ્ટર હોમ’







ગાંધીનગર, તા. ૨૭

ધ ગોડસ ગિફ્ટ ફાઉન્ડેશન દ્વારા અબોલ જીવ સેવા ના ભાગ રૂપે ફૂલ નહિ તો ફૂલ ની પાંખડી સ્વરૂપ એક નાના શેલ્ટર હોમ ની રચના સ્વાગત અગાસિયાની સામે , સરગાસણ ખાતે કરવામાં આવી છે.જેમાં બીમાર અને ઈજાગ્રસ્ત જાનવરોને અને પંખીઓને ફ્રી માં સારવાર આપવાની એક કોશિશ શરૂ થઈ ગઈ છે.જેમાં દિવસના કેટલાક અબોલ જીવ ની સારવાર થઈ સાજા થાય છે અને નિરાધાર અબોલ જીવ માટેનું એક નાનકડું ઘર છે જ્યાં એ કોઈ પણ ડર વગર હરી ફરી શકે છે. અમારા આ નાનકડા ઘરની મુલાકાત લઈ શકો અને તમારો સાથ સહકાર મળી રહે એવી આશા રાખીએ છીએ.

# મેં અનુભવેલી પરિસ્થિતિમાં બીજાને જોઉં તો મદદ કર્યા વગર થોડું રહેવાય ?

**કુમળી વયે પિતાને ગુમાવનાર અને આકરી પરિસ્થિતિઓમાંથી પસાર થઈને કાળની થપાટો ખાવા છતાં હિંમત ના ગુમાવનાર પાટનગરનો યુવાન આજે મધ્યમ આર્થિક પરિસ્થિતિમાં પણ સેવાકાર્યોમાં જોતરાયેલો રહે છે : માતાનો સહારો બનેલા આ દિકરાની જીંદાદિલી પ્રસંશનીય છે**

ગાંધીનગર, તા. ૨૮

“બાપુ મોશાય, જીંદગી લંબી નહીં બડી હોની ચાહીએ...” આ મશહુર સંવાદ ઘણાની સ્ટેટસ સ્ટોરીમાં છાશવારે સંભળાશે પરંતુ હકીકતમાં જયારે જીંદગીમાં પરમાર આવી પરિસ્થિતિમાં ઉછર્યો અને પિતા પાછળ માતાને વર્ગ-૪ ની રહેમરાહે મળેલી નોકરીના સથવારે થોડુ ઘણું ભણીને ઝટ કામધંધે વળી ગયો છતાં કિસ્મત કસોટીઓ પર કસોટીઓ લીધે રાખતી હોવા ખલાસ થઈ ગયાં ત્યાં સુધીમાં તો વ્યસનના કારણે ઘરની મોટાભાગની ચીજવસ્તુઓ પણ વેચાઈ ચુકી હતી. બે સંતાનોના પિતા જ્યારે દારૂ ઢીંચીને ઘરમાં દરવાજો બંધ કરીને સૂઈ જાય ત્યારે આસપાસના ઘરોમાં બગીચામાં માળી તરીકેની વર્ગ-૪ની નોકરી મેળવી રાજુબેને પેટે પાટા બાંધીને બંને સંતાનોને ઉછેર્યા જે પરિસ્થિતિનું કલ્પેશ બાળપણથી અવલોકન કરતો આવ્યો હતો. જેવું કલ્પેશે ધો. ૧૨ પાસ કર્યુ કે તુરંત એક મુકી દે છે. મા-દિકરાએ મહેનત સાથે કરકસર કરીને દિકરી મેઘનાને સાસરે વળાવી પરંતુ કલ્પેશના બબ્બે લગ્ન જીવનમાં ભંગાણ પડ્યું જેના કારણે તેની આર્થિક પરિસ્થિતિ સુધરી શકી નહી. આમ છતાં હિંમત હાર્યા આપે. આ ઉપરાંત રક્તદાન કરવાનું હોય કે ઉનાળામાં શ્રમિકોને પગરખાં વિતરણ અથવા પશુ-પક્ષીઓ માટે કુંડાનું વિતરણ કરવાનું હોય તો તેમાં પણ તે અગ્રેસર હોય છે. શહેરની ગૂંજ ફાઉન્ડેશન, પર એટલો વિશ્વાસ છે કે તેમના સેવાકાર્યોનો તમામ હિસાબ અને નાણાં પણ કલ્પેશ જ સંભાળે છે. પિતાના વ્યસનને કારણે થયેલી બદહાલીથી હંમેશા પોતે વ્યસનથી દૂર જ રહ્યો એટલુ જ નહી પરંતુ મિત્રો સાથે પ્રાથમિક



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**







જ્યારે કોઈ પરિસ્થિતિ તમારી તરફેણમાં ના થતી હોય ત્યારે પણ તે વિકટ પરિસ્થિતિઓ સામે ઝઝુમતા ઝઝુમતા અન્યની તકલીફોમાં મદદરૂપ થવું કે બીજાના ચહેરાં પર સ્મિત રેલાવવા પ્રયાસ કરવો એ કાંઈ સરળ વાત નથી હોતી. તમે કુમળી વયના હોવ ત્યારે બધુ ફના ફાતિયા કરીને બાપ સ્વર્ગે સિધાવી જાય, નાની ફુલ જેવી બહેનની આંગળી પકડાવી જાય ત્યારે ઓછું ભણેલી માતાને માથે કારમી મોંઘવારીમાં બબ્બે બાળકોના ભરણપોષણની જવાબદારી હોય તેવી પરિસ્થિતિમાં તમે શું કરી શકો? ગાંધીનગરના સેક્ટર-૭ માં રહેતા ૩૧ વર્ષીય યુવાન કલ્પેશ છતાં આજે પણ મધ્યમ આર્થિક પરિસ્થિતિમાં પોતાના જેવી સ્થિતિ ધરાવતા કોઈને જુએ તો મદદ કર્યા વગર રહેતો નથી એટલુ જ નહી વાર તહેવારો સેવાકાર્યોમાં પણ જોતરાતો રહે ત્યારે તેની હિંમતને દાદ આપવી જ રહી.


અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના જલાલપુર ગામના હરિભાઈ પરમારને ગાંધીનગર ખાતે સરકારી નોકરી મળતાં પાટનગર આવીને સ્થાયી થયાં હતા. સરકારી નોકરી હોવા છતાં દારૂ પીવાની બૂરી લતે ચઢી ગયેલા હરિભાઈના બંને ફેફસાં વાસણ-કપડાં કરવા ગયેલા તેમના પત્નિ રાજુબેન બાળકો સાથે ઘરે પરત ફરે ત્યારે ગામ ગજવે તોય દરવાજો ખોલવા પુરતાં હરિભાઈ જાગી ના શકે અને મા-દિકરો અને દિકરી ત્રણેયને આખી રાત ‘જ’ ટાઈપની ગેલેરીમાં સુઈ જવું પડે. દિકરો કલ્પેશ માંડ ત્રીજા ધોરણમાં હતો અને દિકરી મેઘના હજુ પહેલા ધોરણમાં કક્કો ઘુટતા શીખતી હતી ત્યારે હરિભાઈ હરિધામ પહોંચી ગયા હતા. આ સ્થિતિમાં માંડ ઓળખતા-પાળખીતાની મદદથી રહેમ રાહે સરકારી મોબાઈલની દુકાને નોકરી લાગી ગયો અને સાથે અખબાર નાંખવા, દૂધના વારા આપવા જેવા કામો કરીને મહીને માંડ રૂપિયા બે હજાર કમાઈને માતાને મદદ કરતો થઈ ગયો. ચાર ચાર વર્ષ સુધી આવી મહેનત કર્યા પછી તેણે એક ખાનગી નેટવર્ક કંપનીમાં નોકરી મેળવી જેમાં પગાર રૂ. ૩ હજાર મળતો હતો અને સાથે પાર્ટ ટાઈમ કોલેજ શરૂ કરીને ગ્રેજ્યુએશન પુરૂ કર્યુ હતુ.

જો કે, જીંદગીની એક રીત એ છે કે તમે તેના એક સવાલનો જવાબ શોધી કાઢો ત્યાં સુધીમાં તે તમારી સામે નવો પ્રશ્ન લાવીને વગર લડત આપી રહેલો કલ્પેશ પોતાના મિત્ર કમલેશ સિસોદિયાથી પ્રેરિત થઈને વાર-તહેવારે સેવાકાર્યોમાં પણ જોતરાતો હતો જેમાં તેઓ અન્ય મિત્રો સાથે મળીને તેમના માર્ગદર્શક એન.સી. પટેલની રાહબરી હેઠળ શહેરની ઝુંપડપટ્ટીમાં વસતા બાળકોને હોળી પર રમકડાં-પિચકારીઓ, દશેરાએ ફાફડા-જલેબી, નાતાલમાં રમકડાં, દિવાળીમાં કપડાં-મિઠાઈ, ઉત્તરાયણમાં ચિક્કી જેવી ચીજવસ્તુઓનું વિતરણ કરે અને તેમાં પોતાનાથી બને તેટલુ આર્થિક યોગદાન પણ સ્વઅર્પણ સેવા ટ્રસ્ટ કે હેપ્પી યુથ કલબ જેવી સેવાભાવી સંસ્થાઓના સેવાકાર્યોમાં જોડાઈ સાથે કલ્પેશ આર્થિક ભીંસમાં આવેલા પોતાના મિત્રોની મદદ કરવામાં પાછીપાની નથી કરતો અને આવી જ રીતે એક મિત્રને તેનો ધંધો ઉભો કરવા પર્સનલ લોન લઈને કરેલી મદદ પછી મિત્રએ સમય ફરતાં જ મ્હોં ફેરવી લેતાં હજુ આ લોનના હપ્તા પણ ભરી રહ્યો છે. સૌ કોઈ લગ્ન પ્રસંગ કે અન્ય પ્રસંગે વધેલા ભોજનને જરૂરિયાતમંદો સુધી પહોંચાડીને વિતરણ કરવાની સેવા પણ કરતા મિત્રોને કલ્પેશ શાળાઓમાં જઈને બાળકોને વ્યસનથી દૂર રહેવા સમજાવતો રહ્યો છે. પોતાની નોકરી અને નબળી આર્થિક સ્થિતિ સાથે આટલા સેવાકાર્યોમાં પણ પ્રવૃત રહેતો કલ્પેશ પરમાર કહે છે કે “આપણે જે પરિસ્થિતિમાંથી પસાર થયાં હોઈએ તેવી પરિસ્થિતિમાં અન્યને જોઈએ એટલે મદદ કર્યા વગર કેમનું રહેવાય ?” ખરેખર કલ્પેશની જીંદાદિલીએ તેની જીંદગીને યુવા વયે જ “બડી જીંદગી” બનાવી દીધી છે.

**પ્રતિભાવો આવકાર્ય**

Samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



**રૂપલ રાજુલ ભટ્ટ**
**મો. ૭૯૯૦૭ ૯૮૩૨૭**

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ભરવાડ માંડણભાઈ વાલાભાઈ** ઉ.વ. ૭૮, મહુન્દ્રા
- **સ્વ.ઠાકોર રમેશજી ભીખાજી** ઉ.વ. ૪૩, ટીંટોડા
- **સ્વ.વાઘેલા નવુબેન રજુજી** ઉ.વ. ૭૦, લેકાવાડા
- **સ્વ. પટેલ અંબાલાલ કુબેરભાઈ** ઉ.વ.૫૨, મોટા ચિલોડા
- **સ્વ.પટેલ તારાબેન પરસોત્તમદાસ** ઉ.વ.૫૧, અડાલજ, ત્રિમંદિર
- **સ્વ. નાયક ડાહ્યાભાઈ ગંગારામ** ઉ.વ. ૬૩, સેકટર-૨૬
- **સ્વ. બિહોલા સજનબેન જશવંતસિંહ** ઉ.વ. ૫૬, રતનપુર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ.ઠાકર મીનાક્ષી નરેન્દ્ર** ઉ.વ. ૭૦, સેકટર-૧